#069

દરેક દિવસ નવો ક્લાસ

દરેક સવાર આપણને એક નવું પાનું આપે છે.
પ્રશ્ન એ નથી કે દિવસ શું લાવ્યો… પ્રશ્ન એ છે કે આપણે તેમાંથી શું શીખ્યા?

ક્યારેક આપણો દિવસ સફળતા આપે છે,
તો ક્યારેક ભૂલો.
પરંતુ સફળતા આપણને ખુશી આપે છે અને ભૂલો આપણને શીખ આપે છે.

એક બાળક ચાલવાનું શીખે છે ત્યારે ઘણી વાર પડી જાય છે,
પણ તે દરેક પડવાથી કંઈક શીખે છે —
કે કેવી રીતે સંતુલન રાખવું.

એજ રીતે જીવન પણ દરરોજ કંઈક શીખવે છે:
• ક્યારેક લોકો આપણને ધીરજ શીખવે છે
• ક્યારેક પરિસ્થિતિઓ મજબૂતી શીખવે છે
• અને ક્યારેક નિષ્ફળતા સફળ થવાનો રસ્તો શીખવે છે

પણ આ બધું ત્યારે જ મળશે
જ્યારે આપણે જીવનની વાતોને ધ્યાનથી “સાંભળવા” તૈયાર હોઈએ.

એટલે આપણે દરેક દિવસના અંતે પોતાને પૂછવું જોઈએ —
“આજે જીવને મને શું શીખવ્યુ?”

કારણ કે સાચું કહીએ તો…
જીવન શ્રેષ્ઠ ગુરુ છે, અને દરેક દિવસ એ નવો ક્લાસ છે.